શ્રી.

અંબીકા શતક.

ભાગ છઠ્ઠો.

રચનાર.

નાડીયાદ નિવાસી.

શા. ભાઇચંદ ગોવર્ધનદાસ

નડીઆદ સત્યસાગર પ્રેસ.

શ્રી.

અંબીકા શતક.
ભાગ છઠ્ઠો.

રચનાર.

શા. ભાઇચંદ ગોવર્ધનદાસ નડીઆદ.

વસંતતિલકા વૃત.

શ્રી જગત માત જય દાયક જ્યોત જાણી,
અંબા અહો અભયદા ઉર માંહ્ય આણી;
બિન્દુ સ્વરૂપ સુખ બીજ સદાય શાણી,
કામેશ્વરી વિમળ વાંચ્છિત દે સુ વાણી.

નડીઆદ સત્યસાગર પ્રેસ.

પ્રત. ૧૦૦૦

સંવત ૧૯૫૦ શ્રાવણ શુકલ પક્ષ. } સને ૧૮૯૪ તા. ૨ અગષ્ટ.







શ્રી અંબીકા શતક.

ભાગ છઠો.

ગણપતીની સ્તુતી.

ગીતિ.

શ્રી ગૌરી સુત વન્દૂ, મંગળકારી ગુણ નિધિ દિન બન્ધૂ,
સ્તવન કરૂ આ શતકે, વિધન હરો ગણરાય કૃપા સિન્ધૂ. ૧

સરસ્વતીની સ્તુતી.

શિખરિણી વૃત.

દયા સિન્ધૂ દેવી, મન તિમિર હર્ત્તી ભગવતી,
ધરી વીણા પાણી મૃદુ મધુર વાણી ઉચરતી;
નમામી શ્રી નિત્યં, સુખદ પદ ત્હારા સરસ્વતી,

સગુણા હે શાણી, શતક લખવા દ્યો શુભમતી. ૧

सार्दुलविक्रीडीत वृत.

શ્રી અંબા અલબેલડી અકળ છો વિધાતણી વેલડી,.
વન્દૂ માત ઘડી ઘડી, ચરણમાં પ્રિતીથિ પાયે પડી;
નિત્યાનંદ કરી શિવા, ભગવતી ભકતીપરા પ્રેમથી;
આપો આ શુભ વર્ષમાં સુખ સહૂ સર્વત્રને ક્ષેમથી. ૧

गीति.

પરમેશ્વરીની પ્રીતી, નિતી રીતી ધરી મન વણુવીતી;
ભજ ભગવતી ભવભીતી, જીતી સ્થિતી ગુણગણી ગા ગીતી. ૨

त्रीभंगी वृत.

શ્રીપરમ કૃપાળી જકત ઉજાળી, જયોતજયાળી, મ્હાકાળી,
ભવ ભયહર ભાળી, માત મયાળી, લાગી તાળી, લટકાળી;
અઘઓઘ પ્રજાળી, દે દુખ ટાળી, રંક નિહાળી, મતબાલી,
આરાસુરવાળી, દીન દયાળી, અંબેબાળી, બિરદાળી. ૧
નિરગુણ પદ નાણી જુગજુગ જાણી, શિવ પટરાણી કલ્યાણી,
કળ અકળ કળાણી, વેદ વખાણી, જય બ્રહ્માણી, રૂદ્રાણી;
દે અવિચળ વાણી, સગુણા શાણી, જોડૂ પાણી, શિર ઢાળી,
આરાસુરવાળી, દીનદયાળી, અંબેબાળી, બિરદાળી. ૨
જયત્રિપુરાતારણ, અધમ ઉધારણ, અસુરવિડારણ, જગકારણ,

મહિષાસુર મારણ, મોહ નિવારણ, સંકટહારણ, ભવતારણ;
લગિ લૈ ઓવારણ, મંત્ર ઉચ્ચારણ, ધરિ ઉર ધારણ, નીરાળી,
આરાસુરવાળી, દીનદયાળી, અંબેમાળી, બિરદાળી 3
જયજય જગજનુની, અશરનભરની, તારનતરની, સુખકરની,
જય અશરનશરની, દાયકવરની, ઇંદ્ર અમરની, દુખહરની;
જય ઉજવલબરની, અમૃતઝરની, કર શિરધરની, છોગાળી,
આરાસુરવાળી, દીન દયાળી, અંબેમાળી, બિરદાળી. ૪
જય વિશ્વવિધાતા, કર સુખશાતા, ગુણ સૌ ગાતા, જગજાતા,
દેવી અન્નદાતા, અજ ભવ ન્હાતા, ભવ ભયત્રાતા, ખુબજ્ઞાતા;
ભગનીને ભ્રાતા, તુહિ પિતુમાતા, ગુણનિધિજ્ઞાતા, સુરપાળી,
આરાસુરવાળી, દીન દયાળી, અંબેમાળી, બિરદાળી. ૫
શ્રી શૈલ કુમારી, ત્હારી ન્યારી, શકતી ભારી, સુખકારી,
મંગલ પદ ધારી, વિશ્વ વિહારી, કરૂણાકારી, બલિહારી;
મમતા ઉર મારી, લેત ઉધારી, વિપત વિડારી, ભય ખાળી,
આરાસુરવાળી, દીન દયાળી, અંબેમાળી, બિરદાળી. ૬
જય સ્વયં શિવા શ્રી, હિમ ગિરિવાસી, નિગમ નિવાસી, અવિનાસી,
સબ તીરથ કાશી, ચરણે ભાસી, પ્રેમ પ્રકાશી, ઉપાશી;
જય વિઘનવિનાશી, આવ્યો ત્રાસી, હૃદય હુલાસી, રઢિયાળી,
આરાસુરવાળી, દીન દયાળી, અંબેમાળી, બિરદાળી. ૭

ભગવતિ મંન ભાવે, પારે, આવે, પદ રજપાવે, સરન્હાવે,
ફરી પ્રેમ પ્રભાવે, લક્ષે લાવે, પુનર પિનાવે, દુખ જાવે;
ત્રીભંગી ગાવે, શીશ નમાવે, ચંદ ચઢાવે, કરૂણાળી,
આરાસુરવાળી, દીન દયાળી, અંબેમાળી, બિરદાળી. ૮

दोहरो.

અતિ મતિ ગતિ અદ્‌ભુત કૃતી, લતિ લતિ ગણપતિ ન્હાય;
દે સદ્‌ગતી ભગવતિ સતી, જય જય જગદંબાય. ૧

छंद रेणकी.

જય જય જય વિજય વિજય જય વિલસત,
ભય લય અભય વરદ વિજયા,
જય જય ડગ અડગ ખડ્ગ ધર ગજદલ.
ભુજબલ પ્રબલ અકલ ઉગયા;
હરસત દુખ દાહન કરત વરતત સત,
સત મત તત અઘ ઓઘહરા.
જય જય ધન થન થન નચત નચત લય,
પળ પળ પ્રણવત પદ ત્રિપુરા. ૧
જય અશાન શરન હરન દુખ દારિદ,
અભરન ભરન ધરન ત્રિશૂળા,
ભગવતિ ભંવ તરણ ઝરણ સુખ નિરમળ
ત્રિભુવનિ ત્રિવિધ ત્રિપુર ત્રિગુણા,

શિર કર ધર અજર અમર વર અબસર;
સર સર ચરન કમળ ચાંપુરા,
જય જય ધન થન થન નચત નચત લય,
પળ પળ પ્રણવત પદ ત્રિપુરા. ૨
જય અલગ વલગ નગ ખગ તલ ભૂતલ,
શશિ સુર સમિર સૃજત સગુણી;
ગત મહુત ન લહુત ચહુત ચિત નિત નિત,
હરિ હર વિનવત સત્વ ગુણી;
મદ રદ વધ કુસત સધત કટિ અસિ ધસિ,
તરત કરંત ક્રુર પતન પુરા,
જય જય ધન થન થન નચત નચત લય;
પળ પળ પ્રણવત પદ ત્રિપુરા. ૩
જય જય મય અગમ નિગમ જશ ઉચરત
દિન દિન પ્રસન વદન વિમળા,
મળ અમળ કમળ દળ કળન કળત કળ;
ઝધ મધ રહુત કહુત કમળા,
ચિત બસત લસત ન-ખસત જગ જનની;
ચંદ ચહુત મંજરા નજરાં,
જય જય ધન થન થન નચત નચત લય;
પળ પળ પ્રણવત પદ ત્રિપુરા. ૪

શ્રી નામ માલિકા.

छंद सवैया.

શ્રીઅંબા અલબેલી આદ્યા, અગમ અગોચરિ અકળ અજાત,
અમર પ્રધ્વરી, બિંદુત્રક્ષરી, ત્રિપુર સુંદરી ત્રિપદા માત;
અજાઇ અજિતા જયા અર્બુદા, આશાપુરી વિજયા વસુધાય,
શિવાસતી સરસ્વતીભગવતી, સ્મૃતી સુભાગા મા અતિતાય. ૧
અજરા અમરા અસીધારિણી, આરાસુરિ ઐંદ્રી અભિરામ,
ઉમા રમા રાજસી અભયદા, દયા સત્યજનની જન કામ;
ઑમકાર વ-પટતકાર અ, ઇ, ઉકાર પ્રજ્ઞા અભિષ્ટાત્રિ,
ઉર્ધ્વકેશી અરવિંદ સુખીમા, અભિરવે પદરજ જાત્રી. ૨
કાળી કમળેશ્વરી કલ્યાણી; શૈલ પુત્રી સાવિત્રી સ્કંધ,
બ્રહ્મચારિણી, મહિષ મારિણી, કૌમારી મ્હાગૌરી ચંદ્ર;
કાત્યાયનિ કુષ્માંડા કમળા, મહાલક્ષ્મિ અષ્ટા દશભૂજ,
કોટેશ્વરી કામેશ્વરી કૃતિકા, સિધ્ધેશ્વરી ત્રિનેત્રામ્બૂજ. ૩
કનક પ્રભા કામદા કલિતા, કોશવાસિની કોસંબાય,
કાલ નાસિની કેશવર્ધિની, કામા કાવેરી કેકાય;
કાંચૈ કાષ્ટા કામવંદિતા, કુમદ વાસિની, કુરૂકલ્પાય,
કામ વર્જિતા કૃષ્ણ-પિંગળા, કપાલ કુંડલા કવિપ્રિયાય,
ગરૂડેશ્વરી ગૌમુખી ગોમતી, ગિરિજા ગંગા ગંધ પ્રીયાય;
ગોદાવરી ગીતા ગાયત્રી, ગંભીરાય ગુરૂ રૂપ ધરાય;

ચતુરા ચપળા ચૂડામણી ચખ, ચામૂંડા ચંડી સુખચાર,
અટ્ટહાસિની, વિંધ્ય વાસિની, ખડ્ગધારી ખેચરી ખોડીયાર. ૫
અષ્ટસિદ્ધિ ઔષધા અનિતા, ગાનગોચરા અશ્વપ્લુતાય,
આકાંક્ષા અક્રૂરા ચિકિત્સા, ચક્રહસ્તાયે અરૂણનેત્રાય;
ચંદ્રીકા ચેતના ચાપીની, ચત્રપદા ચિતિ ચિત્ત લેખાય,
ચંદ્રાવલી ચંદ્રાય ચતુરમુખી, ચંદ્રભાગાએ ચંદ્રલતાય. ૬
છબિલી છાયા છત્ર ધારિણી, જયાલા જવાલી જુગદાધાર,
અમૃતરસઝરણી, કાન્ચનવરણી, કાન્તી શાન્તી વિશ્વવિહાર;
જ્વાલામૂખી જૂમના જનિના, જોગેશ્વરી જગદંબા જાપ,
જયવર્ધિની જસોદા જાયા, જગપાલક જયદા જશ આપ. ૭
ઝગમગજ્યોતિ, જાતિ ઝાન્હવી, જેષ્ટા જિર્ણા વિત કનકાઇ,
ગિરિરાજકીશોરી ત્રિશૂળાધારી, સૂરપાળી બાળી ફુલબાઇ;
તૂકાઇ સિધ્ધવાઇ તોતળા, અનુશયના અનપૂરણા આઇ;
કમળાક્ષી આનંદા નંદા, કુંતા કોડી ગૌ પાનાઇ. ૮
ત્રિવેણી ત્રિપુરેશ્વરી ત્રિગુણા, તુંગભદ્રા વાતા તડિતાય,
તામ્રનેની તારૂણા તારિણી, તિર્થા તૃપ્તે તપઃપ્રિયાય;
તૂળજા તાપી તારા તામસી, તુષ્ટિ પુષ્ટિ બ્રહ્મિ ધાત્રી,
ઇંદ્રાણી રૂદ્રાણી કપિલા, કૃતી બ્રહ્માણી વિધાત્રી. ૯
દિર્ઘરૂપા લઘુરૂપા દારૂણા, દેવી દંડિની નગદુહિતાય.
દક્ષજાયા, દુર્લભા દ્વારિકા, દુર્ગાપારા મા દુર્ગાય;

દિક્ષા દુર્ગાકપુશ દાનિકા, દાનેશ્વરી દાતા દીર્ઘાય,
ધિ, ધૃત્યૈ જાગ્રત્યા જિતંદ્રી, હંસિની ગુણગ્રાહી જ્ઞાતાય. ૧૦
ધર્મધુરંધરી ધ્રુવા ધ્રુમાક્ષી; ધવળમૂખી ધરણી ધૂમરાશિ,
ધનદા ધારા ધનુષધારિણી, ધનેશ્વરી ધાતા પદ ચારિ;
નારાયણી નિલગ્રિવા નાસિની, નાગ નર્મદા ને નિત્યાય;
નિષ્ટા શ્રષ્ટા મુકતા ભુકતા, નારદ નિમિશા નવદૂર્ગાય. ૧૧
નાગેશ્વરી નિરાશ્રય નિદ્રા, તંદ્રા નિલિની નિર્વિકાર,
કૃષ્ણા તૃષ્ણા કલપા કૌશિકી, કામાક્ષી અક્ષી નિરધાર,
પ્રદાયંનિ પ્રસન્ના પ્રૌઢા, પૂર્ણાનંદા પ્રિતી પુણ્ય,
પ્રભાવતી પ્રિયતમા પદ્મિની, પદ્માવતી પરમેશ્વી મુન્ય. ૧૨
પ્રબોધિની પ્રતિવૃતા પાર્વતી, પુષ્પ બાણધર પ્રભાપરાય,
પદ્મલોચના પદ્મા પુતના, પદ્મ મંદિરા પદ્મ હસ્તાય;
બિરદાળી બળવંતી બાળિકા, બૌચર બિંદુ બાળક્રિડાય,
બ્રિજબાસિની બગલા મુખી બહુનામી બુદ્ધિ બહુ શ્રુતાય. ૧૩
ભૃશાંડો પરિધાયુધા ભ્રામરી, ભૈરવી ભૂચરી ભદ્રા ભામ,
ભદ્રકાળી ભુવનેશ્વરી ભિમા ભયભંજની ભવાની નામ;
ભ્રાન્તી ભકિત શકિત મુક્તિ, પાંચાળી પ્રિયમિતાક્ષરાય,
પીતામ્બરા પ્રેતા ભાગ્યોદઇ, પાપનિવાસિની પયોધરાય. ૧૪
મ્હારાત્રી મોહરાત્રી માયા, કાળરાત્રી માધવી મયાય,
મુકુટેશ્વરી મધુમત્યૈ મોક્ષદા, મયુરવાહિની મૃગનાભ્યાય;

મંગલકારી માત મંગળા, મધુહારી મહિ મતિ સ્વધાય,
મતબાલી મંમાયા રાયા, મ્હાશ્વેતાએ મોહ ભ્રમાય. ૧૫
માહેશ્વરી મૃગાક્ષી મદિરા, મંદાકિની મથૂરા લલિતાય,
મૃદુહાસિની, ઇક્ષુચાપિની, મુંડમાલિની મેઘદૂતાય;
રોગનાસિની રૌદ્રા રંભા, રેવા રામા રસના રિદ્ધ,
રાજેશ્વરી રત્નાગિરિ રક્તા, રક્ષા રાજનિતી પરસિદ્ધ. ૧૬
લોમેશ્વરી લક્ષેશ્વરી લજ્જા, લોપામુદ્રા લલિતામ્બાય,
લેખકપ્રિયા લલના લિલાવતી, લક્ષ્મિ લટકાળી લેખાય;
વિશ્વાંભરી વાઘેશ્વરી વિમળા, વરણેશ્વરી વૈશ્નવી વરદાઇ,
વૃષભવાહિની, વિશ્વવંદિની, વિમોહા વરૂણી વારાહિ. ૧૭
વિશ્નુમાયા વિશ્વબીજ વા, વિનાસિની વૈતાળી વામ,
વિશ્વાત્મિકા વામા વાંચ્છા, વાણી વ્રજાહસ્તા વિરામ;
વ્રજધારિણી વેદિવારૂણી વૈશ્વદેવી વસુધા વિદ્યાય,
વ્રંદા વનિતા વરમાવિગુણા, વરદાયિની, વિશ્રી વિષયાય. ૧૮
સિંધુ સુતા શામ્ભવી શતાક્ષી, સર્વેશ્વરી સગુણી સ્વર શામ,
સંદ્ધા સિદ્ધા સુપથા શુશિલા, સવિતા સુધા ક્ષુધાને કામ;
શુમ્ભારી સુકેશી શશિમુખી, સ્વાશા સ્વરૂપા સત્યપ્રિયાય,
સર્વધારિણી, સર્વાગામી સુમુખી શાંકભરી સૈમ્યાય. ૧૯
શિવદૂતી સુકતી સૂગંધા, સ્વયંભૂ શુભકારા શિક્ષાય,
શાકિની શિતળા સુલક્ષા, સર્વસૌભાગ્યદાયિની શિલાય;

સપ્ત ધાતુમઇ સપ્ત ધાન્યમઇ સપ્તસુરંને પટ્કોણાય,
શરદકુમુદલોચના સૂવર્ણા, સકુંડલા સ્વાંગા સકલાય. ૨૦
હરા ધરા હંસ્યૈ હસમૂખી હરિપ્રીયા હૃદયા હરસિદ્ધ,
હંસવાહિની હિમગિરિ બાસિની, હંસા, હંસગતી, નવનિદ્ધ;
સ્તવન કરી સનમુખ કરજોડી, સ્નેહે ભણ્યાં સવૈયા છંદ,
નામ માલિકા માલ અર્પીને, શ્રી પદ પૂજે પ્રીતે ચંદ. ૨૧

મનહર.

અધમ અધરમ કરત ન ડરત શઠ
ફટ ફટ નફટ નફટ મન ફટ ફટ,
ધરમ કરમ ન લહત અઘ ડગડગ
કપટ ઝપટ દુર પટક તુ ચટ પટ;
પરમ શરમ તજિ, ભરમ મરમ ભુલિ
નટવત નચત ચહત ચિત ખટપટ,
ભગવતિ ચરણ શરણ ન મરણ ભય
પ્રલય કરત અઘ ઝણણણ ઝટપટ. ૧

પવન ગવન કર નમન કરત વર-
અભય ચહત પદ સુમન સુચન ધર,
પ્રસન વદન કર હૃદય ધરત હર
પિઅત અમિત સર હરનિશ ભરભર;

અજર અમર કર ચમર ગ્રહત કર
રહત હજુર સુર છતરજ શિરધર.
અશરન શરન તરન ભવ ભગવતિ
ચરન કમલ ચિત અરપત મનહર. ૨

ઇંદ્રવિજય.

એક અખંડ અનંત અગોચર શામ્ભવિ સારદ શાન્ત શિવાશ્રી
નિર્ગુણ નામ નિરંજન નિર્મળ શ્વેતગિરી સુખ ધામ નિવાસી;
આવિ નમાવત શીશ પદે રમિ ચાચર ચોક ફરી પરકંબા,
ચંદ ચહે ચિત પ્રીત નિરંતર અંતર જાપ જપે જગદંબા. ૧
શોભિત સત્ય સુવર્ણતણા શણગાર ધરી રહિ પ્રેમ પ્રકાશી,
લોભત નેત્ર મહાપદ ક્ષેત્ર નિહાળત આવત શ્રીઅવિનાશી;
વંદનથી શુભ ચંદનથી મન સુમન સાથ કરી કર લંબા,
ચંદ ચહે ચિત પ્રીત નિરંતર અંતર જાપ જપે જગદંબા. ૨

સ્ત્રગ્ધરા છંદ.

અંબા દેવી દયાળી દિનદુખ હરતી જાગતી જ્યોત જાણી,
વિદ્યામોહા વિમોહા યશવદિ વિમળા વેદ વ્યાસે વખાણી;
વિદ્યાત્રારા વિહારી વિધિ નિધિ વિજયા પ્રેમથી જોડિ પાણી,
વિદ્યાનંદા વિનોદા વિભુપદ વિનવું આપજો શુદ્ધ વાણી. ૧

ગરબી.

કાનુડો કામણગારોરે. એ રાહ.
તુહી માયા તુહી રાયારે. અલબેલી અંબા,
તુહી માયા તુહી રાયારે. ટેક.

તુંહી માયા તુંહી રાયા, તુંહી વિશ્વ વિધી જાયા,
રિધી સિધી નિધી દાયારે. અલબેલી. ૧

શાણિ તને જાણી નાણી, કરૂણાની તુંહી ખાણી;
વાણિ પ્રાણીમાં સમાણીરે. અલબેલી. ૨

ત્રિપુરા ત્રિશૂળધારી, સિંહતણી કિધી સ્વારી;
વારી જાઉં બલિહારીરે. અલબેલી. ૩

આરાસુર તણી રાણી, કરૂણા કરો કલ્યાણી;
ચંદ કહે જોડી પાણીરે. અલબેલી. ૪

પદ રાગ કાફી.

સમરૂ સદા ભરપૂર. એ રાહ.

વિનતી કરો આ સ્વિકાર, વૈશ્નવી વ્હાલ ધરી મા.
વિનતી. ટેક.

દિનદયાળી, ભવભય ત્રાતા, અધમ ઓધારણહાર;
પ્રણમું પદ પરમેશ્વરી મા. વિનતી. ૧

કષ્ટ હરણછો કાળી કૃપાળી શક્તિ સકળ સુખસાર;
સગુણમય સર્વેશ્વરી મા. વિનતી. ૨

વિશ્વ વિનોદા વરશુભ દાતા, નિગમ ન પામે પાર.
પ્રભા પદરજ પ્રસરી મા. વિનતી ૩

સન્મતિ આપો, દુરમતી કાપો, ત્રિગુણા ત્રિશૂળાધાર;
ચંદ ચિત્ત અભય કરીમા. વિનતી, ૪

પદ રાગ સોરઠ.

ચાલ વ્હેલી અલબેલી પ્યારી રાધે. એ રાહ.

આદ્ય શક્તિ અલબેલી દેવી દાતા.
આરાસુરી માત મયાળી, અંબા દિનદાસ દયાળી,
તમે જગ જ્યોત જયાળી, ઉદ્‌ભિભવ ત્રાતા ત્રાતારે. દેવીદાતા
આદ્ય. ટેક.

વિધી વિષ્નુ શિવ સ્તવે જોડી પાણી,
નેતિ નેતિ નિગમ નિત્ય વદે વાણી.
સબળ સત્ય જ્યોત પ્રબળ જકત જાણી,
સબ તિરથધામ, તિરથધામ, ચરણવામ, હૃદયહામ,
ધરત આમ, સુર તમામ, ઠામઠામ જપત નામ,
અષ્ટજામ, કરિ પ્રણામ, ચિત ચ્હાતા ચ્હાતારે. દેવીદાતા
આદ્ય. ૧

સદાચાર તણું દ્વાર ધર્મ ધારી,
કુળાચાર તણું દ્વાર શુદ્ધ નારી;
સંત ભુષણ સત્ય દયા ક્ષેમકારી,
ત્યમ તુજ ભુષણ, તુજ ભુષણ, દયાવાન,
તુજ સમાન, અભયદાન, ખાનપાન, ગાન તાન,
ગુણ નિધાન, આપી સાન, ગ્રહતકાન અમૃતપાન,
તુંહી પાતા પાતારે દેવીદાતા. આદ્ય. ૨

શરદ વદન ગતી ગહન જોઉં વારી,
સુમનહાર હૃદય સૂર સ્નેહાયકારી.
ત્રિગુણકાર તમે વિપુર ત્રિશૂળધારી.
થઈ સિંહસ્વાર, સિંહસ્વાર, શિવાસાર, કરિ ચિકાર,
વારવાર, ખડ્ગધાર, મહિષમાર, સૂરજ્હાર,
ભૂમિભાર, તારનાર, નિગમ પાર, સકળસાર,
સુખ શાતા શાતારે દેવી દાતા. આદ્ય. ૩
પ્રેમ હેમ ક્ષેમ તુહી આદ્ય દેવી,
અમર ઇંદ્ર, રૂપિ મુનિંદ્ર, ચરણ સેવી,
જોડ જગતમાંહ્ય નથી તુજ જેવી.
શ્રી ભવાનંદ, ભવાનંદ, ગરૂડ સ્કંધ, હસતમંદ,
શરદચંદ, સુખદકંદ, શ્રી જગદંબ, નમીચંદ, ભણેછંદ,
મળી વ્રંદ, ગુણ ગાતા ગાતારે દેવી દાતા. આદ્ય ૪

ગરબી.

કરૂં પ્રેમથી પ્રણામ સતી ભગવતી જો;
માત અંબીકા ભવાની શિવા સરસ્વતીજો. કરૂં. ૧
તને શેવતા સુરેશ, શેષ શ્રીપતીજો;
ધરે ધ્યાન પરમ પુનિત હૃદય પશુપતીજો. કરૂ ૨
અરૂણ સમય સમય નિત્ય કરે આરતીજો;
ભણે ભારતી પણ ભેદ લહે ના રતીજો. કરૂં ૩

તમે આદી મધ્ય અંત, પ્રબળ પ્રકૃતીજો;
અચળ અમળ અકળ વદન ગહન છે ગતીજો. કરૂં ૪

દુષ્ટ દમન તાપ શમન, માત મલપતીજો;
સ્વયં શામ્ભવી શતાક્ષી રમા પાર્વતીજો. કરૂં ૫

એક એકમાં અનેક જયોતી જાગતીજો
ત્રિગુણ રૂપ ગુણ અનૂપ કૃતી રાજતીજો. કરૂં ૬

દયા સિન્ધૂ દિન બન્ધૂ રતી પ્રકાશતીજો;
અખિલ ઇશ્વરી શ્રી વિભુ પદ વિરાજતીજો. કરૂં ૭

અભય આપશો સહાય સુણી વિનતી જો;
પદ સરોજ ચંદ ચ્હાય શુદ્ધ સન્મતી જો. કરૂં ૮

ગરબી. રાગ પીલુ.

શ્રી અંબારે દેવી દીન દયાળી;
કરો મ્હેર તમે મહાકાળી.
જગ જનુનીરે ઝધમધ જયોત જયાળી;
નિરગૂણ મય નીર નિરાળી.
ઝુલ. તમે લલિતામ્બા લટકાળીરે,
પીતામ્બરા પરમ કૃપાળીરે;
મતબાલી માત મયાળીરે,
બળવંતીરે બાળાછો બિરદાળી. કરો ૧

અલબેલીરે આદ્યા અંતરયામી,
ગાયત્રી ગરૂડા ગામી;
નારાયણીરે નિરભય નિર્મલ નામી,

જય જય શ્રી અવિચળ ધામી.

ઝુલ. રતી લાજત છબી રઢિયાળીરે,
છો આપ સ્વયં સુરપાળીરે;.
દિન બન્ધૂ દિવ્ય રૂપાળીરે,
મહાગૌરીરે મુદિત થયું, મન ન્યાળી. કરો ૨

મંમાયારે અકળ કળા ગતી ન્યારી,
કમળાક્ષી કરૂણાકારી.
ગુણવંતીરે શકિત શૈલ કુમારી;
જાઉ મંગલ પદ પરવારી.

ઝુલ. ભુવનેશ્વરી ભવ ભય ટાળીરે,
શર્ણાગત જન પ્રતિ પાળીરે;
શ્વેતાંચળ બૈચર બાળીરે;
બલિહારીરે ગુણનિધિ ગબ્બર વાળી. કરો. ૩

નગદ્દહિતારે અભયાવર કર દાતા,
વિશ્વાંભરી વિશ્વ વિધાતા;
નવદૂરગારે શેવકને સુખશાતા,
વિધી હરિ હર પદ રજ ન્હાતા.

ઝુલ. પરમેશ્વરી પાપ પ્રજાળીરે,
ત્રિપુરેશ્વરી યમ ભય ખાળીરે;
ધો સન્મતિ કૂમતી ટાળીરે,
મહા લક્ષ્મિરે ચંદ ચહે છોગાળી. કરો ૪

ગરબી. રાગ માહાડ.

નારાયણી નમીએ આજ નેહથી,
ચાચર રમીએ આજ નેહથી;
શ્રી મન ગમીએ આજ નેહથી,
વૈશ્નવી વિનતી કરીએ આજ, મનવાંચ્છિત વર વરીએ. ના૦
જય જય શબ્દ ઉચરીએ આજ, ધ્યાન હૃદયમાં ધરીએ. ના. ૧

ત્રિશૂલાધાર સિંહ સધાર,
વિશ્વ સકલને તુજ આધાર તુજ આધાર;
સ્તવન કરેછે વારંવાર, અજ વિષ્નુ ત્રિપુરાર. નારા.
ઝગમગ ઝળકે જ્યોત અપાર, અંબાને દરબાર. નારા. ૨

અકલ અકામ અવિચળ ધામ,
શ્રી જગ જનુની જાણી નામ જાણી નામ;
અભય અચલ પદ રજ નિષ્કામ, વ્યાપક અંતરયામ. ના.
શ્વેતાચલ શુભ સુખ વિશ્રામ, જન મન પૂરણ કામ. નારા. ૩

છો સુખ કંદ જય જગ દંબ,
સુખ સંપતિ સંતતિની દાતા નિત્યાનંદ નિત્યાનંદ;
ગુણ નિધી ગરબે ગાતાં છંદ, ઉર ઉપજે આનંદ. ના૦
ચરણ કમલ પદ રજ મકરંદ, ચિતવે ચિતમાં ચંદ. નારા. ૪

ગરબી.

ઓધવજીછે અળગીરે, વાત એક પ્રેમ તણી. એ રાહ.
આરાસુરી અંબારે, અરજ આ ઉર ધરજો;
અભયા વર દેજોરે, શેવક શિર કર ધરજો. આરા. ૧

આધ્ય અધમ ઓધારણરે, નજર કરો નેહ તણી;
ઝૂકી જુવોને સામુંરે, દયાં કરી દાસ જાણી. આરા. ૨

મતબાલી મયાળીરે, કૃપાળી માહાકાળી;
લટકાળી રૂપાળીરે, બાળી બિરદાળી. આરા. ૩

દિન બન્ધૂ દયાળીરે, નિરભય પદ નાણી;
શરણાંગત આંવ્યોરે, શ્રી શિવ પટરાણી. આરા. ૪

મુકિતની જુકિતરે, જગ જનુની જાણી;
જોડી જુગ પાણીરે, વદું જય જય વાણી. આરા. ૫

ભવ સિન્ધૂ ભવાનીરે, કૃપા કરીને તારો;
ચંદ પ્રિતીથી પૂજેરે, પરમેશ્વરી પારો. આરા. ૬

ગરબી.

રાતલડી કોની સંગે જાગ્યા. એ રાહ.

અભય પદ અંબા દેવી દાતા;
ઉદધિ ભવ ભોળી ભવાની છો ત્રાતા. અભય. ટેક.

વિધી હરિ હર નિશદિન ઉર ચ્હાતા,
વિમળ યશ ગાતા વેદ વિધાતા;
સેવકનેછો શરણાંગત સુખ શાતા. અભય. ૧

અકળ ગતી આદ્યા શ્રી અવિનાશી,
દયા નિધી સિન્ધૂ સુતા સુખરાશી;
સબળ સત્ય શામ્ભવી શ્રેષ્ટ શિવાશ્રી. અભય. ૨

ત્રિગુણ રૂપે વ્યાપક વિશ્વ વિલાસી,
નારાયણી હિમગિરી નેહ નિવાસી;

પ્રગટ વસી ઘટ ઘટ પ્રેમે પ્રકાશી. અભય. ૩
જુગો જુગ જાગતી જ્યોત જણાણી,
વંદન કરૂં આપો વિમળ તમે વાણી;
પ્રણમું પાય પરમેશ્વરી જોડી પાણી. અભય. ૪
માયા ત્હારી કોઇ શક્યા નહીં જીતી,
હરો તમે હર સિદ્ધ ભવ ભય ભીતી;
ચંદ ચહે ચરણામ્બુજ ચિત પ્રીતી. અભય. ૫

પદ રાગ ગરબી.

દેજો દરસન દિન દયાળરે અલબેલી અંબા;
તમે શરણાંગત પ્રતિ પાળરે અલબેલી અંબા. ટેક.
જયંતી મંગલ કારિણીરે નાગયણી શુભ નામ;
ભદ્રકાળીને ભગવતી મા આપો અવિચળ ધામરે. અલ. ૧
સ્વાહા સ્વધાને શિવારે આપ રૂપે અંબાય;
મુક્તિદાતા ભવ ભય ત્રાતા મહેર કરો મહમાયરે. અ. ૨
સૂર્ય ચંદ્ર ગ્રહ ગગનમાંરે ખટ રૂતુ દ્વાદશ માસ;
જંત્ર તંત્ર ને મંત્રમાં માજી ત્હારો રહ્યાછે વાસરે. અ. ૩
ખટ રસ ને ખટ શાસ્ત્રમાંરે ખટ ઉરમાં ખટ રાગ;
ખટ દરસન ખટ ચક્રમાં આઇ આપજો જાગો જાગરે. અ. ૪
વ્યાપી રહ્યાં સૌ વિશ્વમાંરે વિશ્વાંભરી તુજ નામ;
ચંદ કહે મારા માનજો માજી પળ પળ પદમાં પ્રણામરે. અ.૫

લાવણી.

અભય અંબા અનપૂરણા નામ;
પ્રેમથી પદરજ કરત પ્રણામ. ટેક.

ફરત ધરી ફરસી ફરસુરામ;
ભરત શત્રુઘન લછમંન રામ.
સદા શિવ કૃષ્ણ બળી બળરામ;
ગણત ગુણ નિધી ગણપતી ગુણ ગ્રામ.
અકળ કલ અલબેલડી શ્રી, આરાસુરિ અભિરામ;
વિશ્વેશ્વરીછો વિશ્વમાં મા, નિરખત ઠામો ઠામ.
વૈશ્નવી વ્યાપક અંતરયામ. પ્રેમ. ૧
સુરત ખુબ સૂરત સુંદિર શામ,
રટત . રઘ યજુર અથર ને શામ.
ધરત રૂપ પ્રાત મધ્ય ને શામ;
શરદ મુખ કોટિક કીરણ કામ,
સુર સંકટ ને કારણે તેં, કરી શુભટ સંગ્રામ;
ધરી હિમ્મત હિત ચહી મારીયો, મહિષ ન રાખી ગામ.
હિમગિરી કરતાં મા વિશ્રામ. પ્રેમ. ૨
રહત નિરગૂણ નિર્મળ નિષ્કામ,
પરમ પદ ચાહત ચિત્ત તમામ;
મધુરસ્વર સ્વર લઘુ અક્ષર આમ,
વસત તુહી સપ્ત સુર તીન ગ્રામ;
આપ કને સુર આવતા સૌ, નિરભય જાણી નામ,
સારદ નારદ નેહથી મા. વિણા ધરી કર વામ;
જપત જગદંબા આઠે જામ. પ્રેમ. ૩
ભ્રમત મન મૂરખ ન ડગત નામ,
લોભ મદ મોહ ક્રોધ ને કામ;
કરત મંગલ દરસન સુખ ધામ,

પળાત અઘ ઝટપટ મળત વિરામ;
ભૂખ તરસ પીડે નહીં ભરિ પા પ્રેમામૃત જામ,
ચરણ શરણ દ્યો ચંદને આ જાણી આપ ગુલામ;
સ્તવન શુભ કરવા ઉરમાં હામ. પ્રેમથી. ૪

છંદ હરિગીત.

શ્રી અંબિકા આરાસુરી અલબેલડી ભવ તારિની,
ત્રિપુરેશ્વરી અમરેશ્વરી ગુણ સાગરી મદ હારિની;
જય જય ઉધારન જક્ત જનુની પતિત જનગણ પાવની,
વિશ્વાંભરી વસી હૃદય શ્રીજગદંબ જાપ જપાવની. ૧

જય વિજય જયજયકાર જય ધ્વજ ભૂમિભાર ઉતારિની,
ત્રિગુણાત્મ ત્રિશુલાધાર સિંહ સવાર મહિષ વિડારિની;
બિરદાળી બોચરબાળી દિન દયાળી શાન્ત સ્વભાવની,
વિશ્વાંભરી વસી હૃદય શ્રીજગદંબ જાપ જપાવની. ૨

ભુવનેશ્વરી ભય ભંજની નિરંજની નારાયની,
પરમેશ્વરી પદઅક્ષરી સર્વોપરી સુખ દાયિની;
સત સતત્ સગુણાકાર નિર વિકાર પ્રેમ પ્રભાવની,
વિશ્વાંભરી વસી હૃદય શ્રીજગદંબ જાપ જપાવની. ૩

આદ્યેશ્વરી અઘ લે હરી આનંદમય ઘન મૂરતી,
પદ પંકજે દે પૂરતી શિવા સતી સુખ સૂરતી;
ભણિ છંદ હરિગીત ચંદ ચિતવે પુન્હ જન્મ નપાવની,
વિશ્વાંભરી વસી હૃદય શ્રીજગદંબ જાપ જપાવની. ૪

પૂર્ણ થયોછે ખેલ.   એ રાહ.

વિનતી ધરજો ધ્યાન.
નારાયણી વિનતી ધરજો ધ્યાન.   ટેક.

જય જય અંબા જય લલિતામ્બા;
બાળોછો બળવાન.   નારાયણી. ૧

જય જગવંદન અસુર નિકંદન;
આપો અભય વરદાન.   નારાયણી. ૨

વિજય વિધાતા સન્મતિ દાતા;
તારો ભવ નીદાન.   નારાયણી. ૩

શ્રાવણ માસે તવ પદ પાસે;
ચંદ ચહે ગુણ ગાન.   નારાયણી. ૪

દોહરો.

સ્નેહ શતક સ્વિકારશો જય શ્રી લલિતામ્બાય;
ચંદ ચ્હાય પ્રિત ચરણ ચિત, આપો સ્હાય સદાય.   ૧

॥ ૧૦૦ ॥